# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-12-2025** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટૂંક સમયમાં અમદાવાદ વૈશ્વિક રમતગમતના નકશામાં ટોચ પર હશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો
2) કેન્દ્રીય મંત્રી અમિત શાહના હસ્તે અમદાવાદમાં 1 ,500 કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયા
3) સાયબર છેતરપિંડી મામલે ભાવનગર અને રાજકોટમાંથી 21 આરોપીઓની ધરપકડ.
4) સીમા શુલ્ક વિભાગે મુન્દ્રા બંદરેથી એક કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિદેશી સિગારેટનો જથ્થો જપ્ત કર્યો
5) FIH હોકી પુરુષ જુનિયર વિશ્વકપ 2025 ની સેમિફાઇનલમાં આજે ભારત અને જર્મની વચ્ચે મુકાબલો.

---------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AMIT SHAH AHMEDABAD

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે વિશ્વાસ વ્યક્ત કર્યો કે અમદાવાદ ટૂંક સમયમાં વૈશ્વિક રમતગમતના નકશામાં ટોચ પર હશે અને 2036 ઓલિમ્પિક રમતોનું યજમાન બનશે. આજે અમદાવાદમાં એક હજાર 500 કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને ખાતમુહૂર્ત કર્યા બાદ જાહેર સભાને સંબોધિતા શ્રી શાહે કહ્યું કે અમદાવાદમાં છેલ્લા કેટલાક વર્ષોમાં વિશ્વ કક્ષાના રમતગમત માળખા અને તાલીમ સુવિધાઓનો અસાધારણ વિસ્તરણ જોવા મળ્યું છે. તેમણે નોંધ્યું કે શહેર 2030 રાષ્ટ્રમંડળ રમતો માટે તૈયાર થઈ રહ્યું છે.

(બાઇટ : AMIT SHAH – SPORTS)

પીએમ મોદીના નેતૃત્વમાં ભારતના સર્વાંગી વિકાસ પર પ્રકાશ પાડતા , શ્રી શાહે જણાવ્યું કે NDA ટૂંક સમયમાં બંગાળ અને તમિલનાડુમાં પણ સરકાર બનાવશે. તેમણે લોકોને હરિત અભિયાનમાં જોડાવા માટે પણ હાકલ કરી.

(બાઇટ : AMIT SHAH - TREE)

આ કાર્યક્રમ દરમિયાન, શ્રી શાહે આઠસોથી વધુ EWS આવાસ, ઝૂંપડપટ્ટી વિકાસ કાર્યો અને તળાવો અને બગીચાઓ સહિત વિવિધ અન્ય શહેરી જાહેર સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું. તેમણે ગોતામાં મિની સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ખાતમુહૂર્ત પણ કર્યું અને અમદાવાદ મહાનગરપાલિકાના વિવિધ લોક-કેન્દ્રિત પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો. શ્રી શાહે AMCના લગભગ 100 નવા નિયુક્ત સહાયક ફાયરમેનને નિમણૂક પત્રો પણ સોંપ્યા.

શહેરના વૈષ્ણોદેવી સર્કલ નજીક આયોજીત કાર્યક્રમમાં શ્રી શાહે ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદી બેન પટેલના જીવન પર આધારિત પુસ્તક “ચુનોતિયા મુઝે પસંદ હૈ” ની ગુજરાતી આવૃત્તિનું વિમોચન કર્યું.

. . . . . . . . . . . . .

# SANGHAVI GANDHI ASHRAM

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદ સ્થિત ગાંધી આશ્રમની મુલાકાત લઈ પુનર્વિકાસ કામગીરીની સમીક્ષા કરી. જેમાં અમદાવાદ મહાનગરપાલિકા તથા મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટના અધિકારીઓ દ્વારા પુનઃવિકાસ પામનાર ગાંધી આશ્રમના વિવિધ સ્થળોનું પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું. શ્રી સંઘવીએ પ્રેઝન્ટેશન નિહાળીને પ્રોજેક્ટ પ્રગતિ અંગે માહિતી મેળવી હતી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

. . . . . . . . . . . . .

# SURAT CR PATIL

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે કહ્યું , ઝૂંપડપટ્ટીમાં જરૂરી સુવિધાઓ પહોંચાડવામાં એટલે કે સ્લમ ડેવલપમેન્ટમાં સુરત સમગ્ર ગુજરાતમાં બીજા ક્રમે છે. સુરતમાં 416 આવાસોનું લોકાર્પણ કરતા શ્રી પાટીલે જણાવ્યું , સુરતનો ઝૂંપડપટ્ટી વિસ્તાર વર્ષ 2005માં 20 ટકા હતો જે ઘટીને હાલ 5 ટકા થયો છે. શહેરમાં પ્રથમ વાર માય વન ટેકનોલોજીથી સુસજ્જ નવા મકાનોમાં બગીચા , પાર્કિંગ, લિફ્ટ, કેમેરા, ભૂકંપ પ્રતિરોધક સ્ટ્રક્ચર , સી.સી રોડ, ગ્રે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ફાયર ફાઇટિંગ સહિતની સુવિધા ઉપલબ્ધ છે.

. . . . . . . . . . . . .

# CYBER FRAUD

સાયબર છેતરપિંડી મામલે રાજ્ય સાયબર ગુના શાખાએ મોટી કાર્યવાહી કરી છે. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સે ભાવનગર અને રાજકોટમાંથી 21 આરોપીઓની ધરપકડ કરી છે. જેમાં ખાનગી બેન્કના 3 કર્મચારીઓ પણ સામેલ છે. ભાવનગરમાંથી પકડાયેલા આરોપીઓએ કથિત રીતે 700 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડી કરી હોવાનું બહાર આવ્યું છે. રોકાણ , મ્યાનમાર સ્લેવરી સહિતની સાયબર છેતરપિંડીમાં સંકળાયેલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# KUTCH CIGARATE

કચ્છ જિલ્લાના સીમા શુલ્ક વિભાગે મુન્દ્રા બંદર પરથી એક કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિદેશી સિગારેટનો જથ્થો જપ્ત કર્યો છે. અમારા પ્રતિનિધિ હેમાંગ પટણીના જણાવ્યા મુજબ આ સિગારેટની ગેરકાયદેસર રીતે આયાત કરવામાં આવી હતી અને તેને ખોટી રીતે "કોર પેપર પાઇપ ઇન બેલ્સ" તરીકે દર્શાવવામાં આવી હતી. જોકે ક્લિયરન્સ પ્રક્રિયા દરમિયાન વિસંગતતાઓ અને નિયમોનું પાલન ન થતાં ફરજિયાત ચકાસણી પ્રક્રિયાઓ દરમિયાન આ જથ્થાને અટકાવવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન , સિગારેટના આશરે 99 જેટલા મોટા બોક્સમાં 4 હજાર 956 કાર્ટન, 49 હજાર 560 પેકેટ અને 9 લાખ 91 હજાર 200 સિગારેટ મળી આવી હતી.

. . . . . . . . . . . . .

# KATHANA-VADODARA TRAIN

આણંદ અને વડોદરાને જોડતી કઠાણા રેલવે કોરોના સમયે બંધ કરવામાં આવી હતી જેને આજે નવા રંગરૂપ સાથે ફરી શરૂ કરવામાં આવી છે. આ અંગે કેબિનેટ મંત્રી રમણ સોલંકીએ વધુ માહિતી આપી.

(બાઇટ : રમણ સોલંકી, કેબિનેટ મંત્રી)

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# CHHOTA UDEPUR - GRANT

રાજ્ય સરકારે છોટાઉદેપુર જિલ્લાની બોડેલી નગરપાલિકાના વિકાસ માટે સાત કરોડની ગ્રાન્ટ ફાળવી છે. આ ગ્રાન્ટમાંથી પાલિકા વિસ્તારમાં વિવિધ વિકાસના કામો કરવામાં આવી રહ્યાં છે. આ અંગે ચીફ ઓફિસર ભાવિન બરજોડે વધુ માહિતી આપી.....

(બાઇટ : ભાવિન બરજોડ, ચીફ ઓફિસર)

. . . . . . . . . . . . .

# SIR - BANASKANTHA

મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – SIR ઝુંબેશ અંતર્ગત બનાસકાંઠાની ધાનેરા વિધાનસભા વિસ્તારમાં ૧૦૦ ટકા ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ કરાઈ છે. ધાનેરા વિધાનસભાના કુલ ૨ લાખ ૮૪ હજાર ૬૪૭ મતદાતાઓના ડિજીટાઈઝેશનની પ્રક્રિયા પૂર્ણ કરાઈ છે.

દરમિયાન પાટણ જિલ્લામાં ચાલી રહેલી – SIR કામગીરી અંગે સાંભળીએ એક અહેવાલ.....

(વોઈસ કાસ્ટ – રમેશ સોલંકી)

. . . . . . . . . . . . .

# HOCKEY JUNIOR WORLD CUP

FIH હોકી પુરુષ જુનિયર વિશ્વ કપ 2025માં આજે સેમિફાઇનલમાં ભારત અને જર્મની વચ્ચે મુકાબલો થશે. ચેન્નાઈના મેયર રાધાકૃષ્ણન હોકી સ્ટેડિયમમાં રમાનાર આ મેચ રાત્રે 8 કલાકે શરૂ થશે. ભારતે બેલ્જિયમ સામે પ્રભાવશાળી પૂલ સ્ટેજ અને શૂટઆઉટ જીત મેળવ્યા બાદ સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે , જ્યારે જર્મનીએ ફ્રાન્સ સામે શૂટઆઉટ જીત બાદ સેમિફાઇનલમાં પહોંચ્યું છે.

. . . . . . . . . . . . .

# ARMED FORCES FLAG DAY

આજે સશસ્ત્ર દળ ધ્વજ દિવસ છે. 1949થી, શહીદો અને સૈનિકોના સન્માનમાં 7 ડિસેમ્બરે સશસ્ત્ર દળો ધ્વજ દિવસ મનાવવામાં આવે છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સશસ્ત્ર દળો ધ્વજ દિવસ પર દેશના બહાદુરોને માતૃભૂમિની સેવામાં તેમના સર્વોચ્ચ બલિદાન અને તેમના પરિવારોના કલ્યાણ માટે યોગદાન આપવા બદલ સલામ કરી.

. . . . . . . . . . . . .

# GUJARAT VIDYAPITH

ગૂજરાત વિદ્યાપીઠ ખાતે બે દિવસીય સ્નાતક સંઘ શતાબ્દી મહોત્સવની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે રાજ્યપાલ તથા ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ આચાર્ય દેવવ્રત તથા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં વિવિધ વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓ દ્વારા આસામી નૃત્ય , શાસ્ત્રીય નૃત્ય , મૂક અભિનય , દેશભક્તિ ગીત , આદિજાતિ નૃત્ય , રાસ ગરબા સહિતની સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 1925માં સ્થપાયેલ સ્નાતક સંઘને 6 ડિસેમ્બરના રોજ 100 વર્ષ પૂર્ણ થયા છે. જેના ઉપલક્ષ્યમાં અત્યાર સુધી 15 સ્નાતક સંમેલન યોજવામાં આવ્યા છે.

. . . . . . . . . . . . .

# JUNAGADH JAIL

જેલ અને પોલીસ આવાસના રાજ્યમંત્રી કમલેશ પટેલે આજે જૂનાગઢમાં સાડા તેર કરોડ રૂપિયાના ખર્ચે બનેલ પોલીસ આવાસ તેમજ મહિલા જેલ બેરેકનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે શ્રી પટેલે પોલીસ પરિવારને અભિનંદન આપતા જણાવ્યું કે આ નવા આવાસથી પોલીસ પરિવારજનોને સુવિધા સાથેના મકાનો મળશે. દેશ અને રાજ્યમાં સુખ શાંતિ જળવાઈ રહે તે માટે સુરક્ષા જવાનોનું મનોબળ ટકી રહે તે ખૂબ જ જરૂરી છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

. . . . . . . . . . . . .

# GIR SOMNATH TOBACCO

"રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ" અંતર્ગત ગીર સોમનાથ જિલ્લા તંત્ર દ્વારા વેરાવળના વિવિધ સ્થળો પર સઘન તપાસ કરી 26 કેસ નોંધવામાં આવ્યા છે. જેમાં દૂકાનદારો પાસેથી કુલ 6 હજાર 200 રૂપિયાનો દંડ વસૂલ કરાયો છે.

ઉલ્લેખનીય છે કે જિલ્લામાં તમાકુની ગેરકાયદેસર બનાવટો તેમજ ઈ-સિગારેટનું વેચાણ અટકે અને શૈક્ષણિક સંસ્થાની 100 વારની ત્રિજ્યામાં તમાકુની બનાવટોનું વેચાણ અટકે તે હેતુથી તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨003 હેઠળ વેરાવળ ખાતે આ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

. . . . . . . . . . . . .

# BHAVNAGAR TERMINAL

પશ્ચિમ રેલવેના ભાવનગર ટર્મિનસ સ્ટેશન યાર્ડમાં પિટ લાઇન નંબર 2ના રિપેર કામ માટે બ્લોક લેવાને કારણે 12 ડિસેમ્બર, શુક્રવારથી આગામી 45 દિવસ માટે કેટલીક ટ્રેન રદ્દ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પલિતાણા-ભાવનગર પેસેન્જર ટ્રેન, તથા બોટાદ પેસેન્જર ટ્રેન, બોટાદ-ભાવનગર પેસેન્જર ટ્રેન રદ રહેશે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ ત્રિપાઠીએ જણાવ્યુ કે, મુસાફરી પહેલા ટ્રેન અંગે સંબંધિત માહિતી મેળવી લેવા મુસાફરોને વિનંતી કરી.

. . . . . . . . . . . . .